જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૧૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | 0 | ૧૪૯ | ૪૨૮ | 0 | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | 0 | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | 0 | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૯૪,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯૮ કેસ કરી, ૧૯૮ વ્યક્તિઓને ઝડપી, ૬૦૩ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૨ મોટર સાયકલ, ૦૩ સ્કુટર અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૮૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૬/૨૦૨૨**

**દાણીલીમડાઃ** તસ્લીમબાનુ મહમદહુસેન ખલીફા (ઉ.વ.૪૫)(રહે.નુરાની મહોલ્લા અલ્લાહનગર બહેરામપુરા દાણીલીમડા) એ તા.૨૪/૧૧/૨૦૨૨ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૨ સવારના ૧૧/૦૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૭/૨૦૨૨**

**ઓઢવઃ** રમેશચંદ્ર બાલુલાલ તેલી (ઉ.વ.૨૫)(રહે.દર્શનધામ સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ જય કેમિકલની પાછળ કેનાલ ઉપર એક એક્ટિવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ(૨૫ વર્ષના આશરાના)એ રમેશચંદ્રને ચપ્પુ બતાવી તેમના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- લુંટ કરી લઇ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૮/૨૦૨૨**

**કાગડાપીઠઃ** મીનાબહેન વા/ઓ શકરાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૨)(રહે,પાંચમો માળ, શિવાલય રેસીડન્સી, સફલ-૦૩ ની બાજુમા, કાંકરીયા)એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૨ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે રાયપુર દરવાજાની સામે, મહીપતરામ રૂપરામ આશ્રમ પાસે આવેલ “બેંક ઓફ બરોડા” ખાતે મીનાબહેન પોતાના રૂપિયા ફીક્ષ ડીપોઝીટમાં મૂકવા સારૂ ગયા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ(૪૦ વર્ષના આશરાના) એ ભેગામળી મીનાબહેનની નજર ચૂકવી, તેમની પાસેના રોકડ રૂપિયા ૭૯,૫૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૯/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** બિલ્કિસ વા/ઓ હનીફભાઈ થરાદવાળા (ઉ.વ.૪૩)(રહે.લાંબોશેરી, નવી મસ્જીદ પાસે, જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે એલીસબ્રીજ અને અટલબ્રીજ વચ્ચેના પુર્વ કિનારે વોક-વે નજીક સાબરમતી નદીમાં ઝંપલાવી ડુબી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૧૧/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**રામોલઃ** જગદીશભાઈ બાબુભાઈ પંચાલ (ઉ.વ.૫૮)(રહે.વિનાયક પાર્ક, ન્યુ.આર.ટી. રોડ, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૨ સવારના ૧૧/૩૦ થી ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી